"સતર્કતા જાગૃતિ સપ્તાહ" (Vigilance Awareness Week) ની ઉજવણી બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ક્રમાંક:-ગતપ/૧૦૨૦૨૦/વીસી-૯૯/હ.
સચિવાલય, ગાંધીનગર.
તા. 2 3 SEP 2022

<u>પરિપત્ર</u>:

ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે પ્રજામાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ જનજાગૃતિ લાવવા "કેન્દ્રીય સતર્કતા આયોગ" દ્વારા તા.૩૧/૧૦/૨૦૨૨ થી તા.૦૬/૧૧/૨૦૨૨ દરમિયાન "સતર્કતા જાગૃતિ સપ્તાહ' (Vigilance Awareness Week) ઉજવવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકારે પણ આ સપ્તાહ સમગ્ર રાજ્યમાં ઉજવવાનો નિર્ણય કરેલ છે તથા આ વર્ષે સતર્કતા જાગૃતિ સપ્તાહનું વિષય વસ્તુ "Corruption free India for a developed Nation"; "ભ્રષ્ટાચાર મુક્ત ભારત- વિકસિત ભારત." રાખવામાં આવેલ છે.

૨. સતર્કતા જાગૃતિ સપ્તાહનું આ વર્ષ માટેનું વિષયવસ્તુ ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા અને યોગ્ય કાર્યક્રમોનું આયોજન તમામ વિભાગો, વિભાગો હેઠળના ખાતાના વડા અને તેમના તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ-નિગમો, જાહેર સાહસો અને સ્થાનિક સત્તા મંડળો દ્વારા હાથ ધરવાનું રહેશે.

- રાજય સરકારના તમામ અધિકારી/કર્મચારીઓ દ્વારા ફરજ પ્રત્યે નિષ્ઠાના શપથ લેવામાં આવે.
- દરેક વિભાગ, ખાતાના વડા તથા રાજય સરકારના બોર્ડ નિગમોની વેબસાઈટ પર અરજદારોને તથા જાહેર જનતાને ઉપયોગી બને તેવી જરૂરી માહિતી મૂકી શકાય, તેમજ જાહેર જનતાની ફરિયાદો દૂર કરવા માટે ઉપલબ્ધ સાધનો અંગેની માહિતી પ્રચાર-પ્રસાર માટે મૂકી શકાય.
- સંસ્થાઓ વોકથોન, મેરેથોન, શેરી નાટકો વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે છે કે જે સમાજના તમામ વર્ગોમાં સામૂહિક આકર્ષણ ધરાવે છે.
- સોશયલ મિડીયા પ્લેટફોર્મ, એસએમએસ, વોટસએપ, ઇલેકટ્રોનિક અને પ્રિન્ટ મિડીયા વગેરેનો વ્યાપક ઉપયોગ કરીને સતર્કતા જાગૃતિ અંગે માહિતીનો પ્રચાર-પ્રસાર કરી શકાય.
- ફરિયાદ નિવારણ કાર્યક્રમો ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી યોજી શકાય.
- આ ઉપરાંત, સચિવાલયના વિભાગોના સચિવશ્રીઓની અઠવાડિક બેઠકમાં ફરજ પ્રત્યે નિષ્ઠાના શપથ લેવાનું તથા "સતર્કતા જાગૃતિ સપ્તાહ" અંગે ચર્ચા કરવાનું આયોજન કરી શકાય.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સમીર જોષી)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

બિડાણ: કેન્દ્રીય સતર્કતા આયોગનો તા.૦૮/૦૯/૨૦૨૨નો
પરિપત્ર ક્રમાંક:-૦૨૨/VGL/૦૨૯

પ્રતિ,

- સચિવાલયના સર્વે વિભાગો (આ સૂચનાઓ તેમના ખાતાના વડાઓને તથા તાબા હેઠળની તમામ કચેરીઓને પરિપત્રિત કરવા તેમજ Annexure "A" થી "C" અનુસાર કામગીરી કરવા વિનંતી સહ)
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ (તેમના તાબા હેઠળની તમામ કચેરીઓને આ સૂચનાઓ પરિપત્રિત કરવા વિનંતી સહ)

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- મહાનિદેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, ઈસરો, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ) અને નિયામકશ્રી, ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ક શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ગૃહ વિભાગ ખાતે ઉક્ત "સતર્કતા જાગૃતિ સપ્તાહ" ની ઉજવણી માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઈ.ટી.સેલ.-શાખા, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ પ્રસ્તુત પરિપત્ર વિભાગની વેબસાઈટ પર મૂકવા વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર વિના મૂલ્યે વર્તમાન પત્રમાં પ્રસિધ્ધિ આપવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.